ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# ગાંધીનગર વાતાવરણ પલ્ટાથી ઘુળિયુ બન્યુ

**વરસાદના છાંટણા : ઉત્તર ભારતમાં મોસમના બદલાવ વચ્ચે શહેરના વાતાવરણમાં નાટકીય પલ્ટો : ૨૦ કી મી ની ઝડપે પવન ફુંકાતા ઠંડીનુ મોજુ ફરી વળ્યુ : ઠેર ઠેર હોર્ડીંગ્સ પડયા**
**ગ્રામ્ય વિસ્તારોમાં વિજળી ડુલ થઇ કેટલાક ઠેકાણે વૃક્ષોની ડાળીઓ પણ નમી પડી : આક્રમક પવનથી નગર ઘુળિયુ બન્યુ : જનજીવન પ્રભાવિત : મહત્તમ તાપમાન ૭ ડિગ્રી ગગડયુ**





ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં આજે સાંજે અચાનક જ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. અચાનક જ આકાશમાં વાદળોના ઘેરાવા વચ્ચે સુસવાટા મારતા ઠંડા પવન સાથે નગર ઘુળિયુ બની ગયુ હતુ. જયારે કેટલાક ઠેકાણે વરસાદી છાંટણા પણ પડયા હતા. વાતાવરણ પલ્ટાથી સાર્વત્રિક ઠંડક પ્રસરી હતી. જયારે કલાકના ૨૦ કી મી ની ઝડપે પવન ફુંકાતા શહેરનુ જનજીવન પ્રભાવિત થયુ હતુ. શહેરના માર્ગો પરના હોર્ડીંગ્સ પણ જમીનદોસ્ત થયા હતા. જયારે ગ્રામ્ય વિસ્તારમાં લાઇટો પણ ડુલ થઇ ગઇ હતી. વાહનચાલકો પણ બે ઘડી ડઘાઇ જતા માર્ગ વચાળે વાહન મુકીને સાઇડમાં ઉભા રહી ગયા હતા. વાતાવરણ પલ્ટા સાથે મહત્તમ તાપમાન ૭ ડિગ્રી ગગડયુ હતુ.

ગાંધીનગરમાં આજે સાંજે અચાનક જ નાટયાત્મક વાતાવરણ પલ્ટો જોવા મળ્યો હતો. દિવસના સમયે આકાશમાં ઘેરાયેલા હળવા વાદળો વચ્ચે તડકો તપી રહ્યો હતો. પરંતુ અચાનક જ સાંજના સમયે આકાશમાં વરસાદી વાદળો ઘેરાઇ આવ્યા હતા. વાદળિયા વાતાવરણ વચ્ચે સુસવાટા મારતા ઠંડા પવનની સાથે ઘુળની ડમરીઓ ઉડવા માંડી હતી. પલવારમાં જ શહેર ઘુળીયુ બની ગયુ હતુ. ૨૦ કી મી ની ઝડપે પવન ફુંકાતા નગરનુ જનજીવન

● અનુસંધાન પાન-૭ પર

## સંસ્કૃતિ કુંજમાં પણ સ્પીકર અને લાઇટના થાંભલા નીચે પટકાયા

શહેરમાં મંગળવારે સાંજે અચાનક જ વાતાવરણમાં નાટકીય પલ્ટો આવતા પવનના જોર વચ્ચે વાતાવરણમાં ઘુળની ડમરી ફરી વળી હતી. જયારે ૨૦ કી મી ની ઝડપે ફુંકાયેલા પવનના લીધે શહેરના માર્ગો આસપાસ લગાવાયેલા હોર્ડીંગ્સ પણ નીચે પટકાયા હતા. જયારે શહેરના જ માર્ગ પર સ્થિત સંસ્કૃતિ કુંજમાં સાંજના સમયે આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમોની ઉજવણી પણ ખોરવાઇ હતી. ભારે પવનના લીધે સ્પીકર અને લાઇટના પોલ્સ પણ જમીન દોસ્ત થઇ ગયા હતા. જેના લીધે કલાકારો તેમજ આયોજકો પણ મુંઝવણમાં મુકાયા હતા.

## અખબાર ભવન અને સિવિલની બારીના કાચ પણ તુટીને પડયા

શહેરના સે-૧૧ માં સ્થિત અખબાર ભવનના ચોથા માળેથી પણ બારીના બે તોતિંગ કાચ નીચે પટકાયા હતા. ધડાકાભેર કાચ નીચે પડયા હતા. બિલ્ડીંગના પાર્કીંગ એરિયામાં સદનસીબે કોઇ સ્થળ પર હાજર ન હોવાથી કોઇને ઈજા થઇ ન હતી. જયારે સિવિલ હોસ્પિટલની લેબ તરફ જવાના રૂટમાં હોસ્પિટલની બિલ્ડીંગમાંથી પણ બારીના કાચ તુટયા હતા પરંતુ કોઇને ઈજા થવા પામી ન હતી.

# ગુડા પેથાપુર અને વાવોલમાં પણ નવા એલ આઇ જી આવાસો બાંધશે

**નવા ૧૫૦૦ જેટલા આવાસો બાંધવા માટે જગ્યા આખરી થયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે : સરગાસણ અને કુડાસણની આવાસ યોજના અન્વયે ટુંકમાં ખાતમુહુર્ત વિધિ કરાશે**

ગાંધીનગર તા ૨૬

ગુડા દ્વારા ન્યુ ગાંધીનગર વિસ્તારમાં માળખાગત સુવિધાના વિવિધ કામો ઉપરાંત નવા આવાસો બાંધવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. હાલ કુડાસણ અને સરગાસણમાં નવી આવાસ યોજના તૈયાર કરવા માટે ટુંકમાં જ ખાતમુહુર્ત વિધિ પણ યોજવામાં આવશે. જયારે પેથાપુર તેમજ વાવોલમાં પણ નવા મકાનો બાંધવા માટે જગ્યા ટુંકમાં જ આખરી કરાશે. આ બન્ને ઠેકાણે અંદાજિત૧૫૦૦ જેટલા એલ આઇ જી આવાસો બાંધવામાં આવશે.

ગુડા દ્વારા સરગાસણ અને કુડાસણમાં નવા આવાસો તૈયાર કરવા માટે ટુંકમાં જ ખાતમુહુર્ત વિધિ યોજવામાં આવશે. મુખ્યમંત્રીના હસ્તે નવા આવાસોનુ કામ શરૂ કરવા માટે ખાતમુહુર્ત કરવામાં આવશે. જયારે હજુ પણ ગુડા દ્વારા નવા આવાસો બાંધવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. સરગાસણ સહીત પેથાપુર અને વાવોલમાં અંદાજિત ૧૫૦૦

● અનુસંધાન પાન-૭ પર

## પાટનગરમાં જ ટેન્કરથી સે. ૬માં પાણી અપાય છે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરના સે. ૬-એમાં પેયજળનો પુરવઠો પુરા ફોર્સથી નહિ મળતાં વસાહતીઓમાં રોષની લાગણી ઉભી થવા પામી છે.

વોર્ડ નં. ૭ના કાઉન્સીલર રાકેશ પટેલે આજે એક નિવેદનમાં જણાવ્યું છે કે આ મુદ્દે સત્તાધીશો સમક્ષ વારંવાર લેખિત અને મૌખિક રજુઆતો પછી પણ કોઈ જ ઉકેલ આવ્યો નથી.

ઉનાળાનું આગમન નજીકમાં છે અને બધે પાણીની સ્થિતિ સારી હોવાની સરકારની વાતોની પોકળતાને છતી કરતાં રાકેશ પટેલે જણાવ્યુ છે કે આ રહીશો છેલ્લા બે મહિનાથી નિયમિત રીતે ટેન્કર મગાવી અને પોતાની પાણીની જરૂરિયાતને સંતોષે છે.

તેમણે જણાવ્યુ છે કે આ પ્રશ્નનો તાકીદે ઉકેલ નહિ આવે તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે. આ સેકટરમાં પુરા ફોર્સ સાથે નિયમિત રીતે પાણી મળતુ નથી એટલુ જ નહિ જેટલો સમય પાણી મળવુ જોઈએ તે પણ મળતુ નથી.

રાજયના પાટનગરમાં જ આવી સ્થિતિ છે તો ગ્રામ્ય વિસ્તાર અને તેમાંય અંતરિયાળ વિસ્તારમાં કેટલી વિકટ સ્થિતિ હશે તે ચિંતાજનક છે તેમ પણ રાકેશ પટેલે જણાવ્યુ છે.

## ગુજરાતના દરિયા કિનારા ઉપર ૨૪ કલાક પેટ્રોલિંગ

અમદાવાદ, તા.૨૬

પાકિસ્તાન પર ભારતીય વાયુસેનાની સફળ સર્જિકલ સ્ટ્રાઇક અને હવાઇ હુમલા બાદ હવે સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના ૧૬૦૦ કિલોમીટરના દરિયાકિનારા પર હાઈ એલર્ટ જાહેર કરી દેવાયું છે. અસંખ્ય નિર્જન ટાપુઓ અને આંતરિયાળ કિનારાઓ પર પોલીસની બાજ નજર છે. દરિયાકિનારા પર સુરક્ષા વ્યવસ્થા વધારી રાઉન્ડ ધી ક્લોક પેટ્રોલીંગ શરૂ કરી દેવાયું છે. સ્થાનિક પોલીસે કોઈ પણ શંકાસ્પદ ચીજવસ્તુ કે વ્યક્તિ દેખાય તો તાકીદે પોલીસને જાણ કરવા માટે સુચનાઓ આપી છે. ખાસ કરીને દ્વારકા અને જામનગર દરિયા કિનારાને લઈ જામનગરમાં વિમાનો પણ સ્ટેન્ડ ટુ રખાયા હોવાની વાત સામે આવી રહી છે તો, યુદ્ધ ઉપયોગી વિમાનો જામનગર એરફોર્સ પાસે હોઈ તે ગમે તે સ્થિતિને પહોંચી વળવા સજ્જ રખાયા હોવાનું જાણવા મળી રહ્યું છે. સૌરાષ્ટ્રના દરિયાના કિનારે આવેલા પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ અને રિલાયન્સ રિફાઇનરી પર આંતકીઓની નજર હોવાનું પ્રકાશમાં આવ્યું છે. જેને પગલે આ બન્ને મહત્વપૂર્ણ સ્થળોની સુરક્ષા વધારાઈ છે.

# અડાલજ ત્રિમંદિર ખાતે જનસંકલ્પ સભાની તૈયારીઓ અંતિમ તબક્કામાં

**જિલ્લાના ૨૫ હજારથી વધુ કાર્યકરો જનસંકલ્પ સભામાં હાજરી આપશે : ડાભી**

ગાંધીનગર, તા. ૨૬

અડાલજ ત્રિમંદિર ખાતે કોંગ્રેસ પક્ષ દ્વારા પ્રિયંકા ગાંધી, રાહુલ ગાંધી, સોનિયા ગાંધી અને પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહની ઉપસ્થિતિમાં યોજાનાર જનસંકલ્પ સભા અંગે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ તૈયારીઓ તેના અંતિમ ચબક્કામાં પ્રવેશી ચુકી છે.

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી અને જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ મંગુબેન પટેલે આજે સંયુક્ત રીતે પત્રકાર પરિષદમાં જણાવ્યું છે કે આ જનસંકલ્પ સભામાં જિલ્લાના ૨૫ હજારથી વધુ કાર્યકરો જોડાશે. આ માટે જિલ્લાભરના ગ્રામ્ય વિસ્તારમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

સૂર્યસિંહ ડાભી અને મંગુબેને જણાવ્યુ હતુ કે ૫૯ વર્ષ પૂર્વે



ગુજરાતમાં રાષ્ટ્રીય કાર્યકારીણીની બેઠક મળી હતી અને હાલ રાહુલ ગાંધી પક્ષના ૫૯મા પ્રમુખ છે જે એક યોગાનુયોગ છે.

આ જનસંકલ્પ રેલી જિલ્લાભરના જ નહિ રાજ્યના કોંગ્રેસ કાર્યકરોમાં એક નવો જોમ અને ઉત્સાહ ભરશે. તેમણે દાવો કર્યો હતો કે ગુજરાતમાં કોંગ્રેસ આ વખતે સારો દેખાવ લોકસભાની ચૂંટણીમાં કરશે અને ભાજપને મહાત કરશે.

વધુ માહીતી આપતા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ જણાવ્યુ છે કે સમગ્ર ગાંધીનગર

● અનુસંધાન પાન-૭ પર


ગુજરાત સરકાર
ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગર
(સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગુજરાત સરકારનું જાહેર સાહસ)



પ્રગતિશીલ અને સંવેદનશીલ ગુજરાત
સરકારના માન. મુખ્યમંત્રી
શ્રી વિજયભાઈ રૂપાણીના
વરદ્ હસ્તે



ચેક વિતરણ સમારોહ

તારીખ : ૨૭-૦૨-૨૦૧૯, બુધવાર | સમય : બપોરે ૨-૩૦ વાગે
સ્થળ : ઓડિટોરિયમ, સિવિલ હોસ્પિટલ, પથિકાશ્રમ-એસ.ટી. બસ ડેપોની સામે, સેકટર-૧૨, ગાંધીનગર

:: મુખ્ય મહેમાન ::
શ્રી કુંવરજીભાઈ બાવળિયા — માન. મંત્રી, પાણી પુરવઠો, પશુપાલન અને ગ્રામ ગૃહનિર્માણ
શ્રી ઈશ્વરભાઈ પરમાર — માન. મંત્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા
શ્રી દિલીપકુમાર ઠાકોર — માન. મંત્રી, શ્રમ અને રોજગાર

:: અતિથિ વિશેષ ::
શ્રી વાસણભાઈ આહિર — માન. રાજ્યકક્ષાના મંત્રી, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ
શ્રી પુરૂષોત્તમભાઈ સોલંકી — માન. રાજ્યકક્ષાના મંત્રી, મત્સ્યોદ્યોગ
શ્રી બચુભાઈ ખાબડ — માન. રાજ્ય કક્ષાના મંત્રી, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ
શ્રી ઈશ્વરસિંહ પટેલ — માન. રાજ્ય કક્ષાના મંત્રી, સહકાર અને રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ

:: વિશેષ ઉપસ્થિતિ ::
શ્રી મનોજ અગ્રવાલ IAS — માન. અગ્રસચિવ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
શ્રી ભરતસિંહજી ડાભી — માન. દંડક, ગુજરાત વિધાનસભા

:: નિમંત્રક ::
ભૂપતભાઈ એમ. ડાભી — અધ્યક્ષ
જશવંત ગાંધી — મેનેજિંગ ડિરેકટર
કે. જી. વણઝારા — નિયામક (વિ.જા.ક.)
મંજુલાબેન ધાડવી, હરમાનભાઈ ઠાકોર, ભૂપતસિંહ સોલંકી, જયકાન્તભાઈ ડાભી
નિયામક મંડળ
ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગર

ઠાકોર અને કોળી સમાજના સર્વાંગી વિકાસ માટે નાણાંકીય અને અન્ય સહયોગ કરવા સરકાર પ્રતિબદ્ધ છે.
– નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com